॥ શ્રી નાકોડાભૈરવદેવ મહાપૂજન હવનવિધિ ॥

૧) પૂજનના આગળના દિવસે માંડલું બનાવવું.

૨) પૂજનની તમામ સામ્રગી જોઈ લેવી અને ખુટતી વસ્તુ મંગાવી લેવી.

૩) માંડલું બનાવવાની જગ્યા સાફ કરાવી ગૌમુત્ર - ગુલાબજળ તથા સુવર્ણજળથી શુદ્ધ કરવી.

૪) ૧ વાટકો કેસર તથા ૩ વાટકી બરાસ પહેલેથી ઘસાવવું.

૫) ઘરે બનાવવાનું નૈવેદ્ય તથા બાકુળા તૈયાર રાખવા...

૬) માંડલાની બન્ને બાજુ પાટલા ગોઠવી માંડલામાં પધારવવાનાં દ્રવ્ય અલગ-અલગ થાળીમાં વલયાનુસાર તૈયાર કરી પાટલા પર મૂકવા.

૭) સિંહાસન સામે મોટો પાટ મૂકી લાલ કપડું પાથરીફળ, નૈવૈદ્ય આદિ અન્ય સામગ્રી વ્યવસ્થિત ગોઠવવી.

૮) માંડલાની સામે યંત્ર માટે ચોરસ બાજોઠ મૂકવો.

૯) બાજોઠ પર નાળચાવાળો થાળ મૂકી કેસરથી સાથીયો કરી, સવા રુપિયો, ચોખા, સોપારી, બદામ મૂકી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પધરાવવી. / યંત્ર બાજોઠ પર પધરાવવું.

૧૦) યંત્રની પહેલેથી શુદ્ધિ કરાવવી, યંત્ર ન મળે તો યંત્રનો ફોટો લેમિનેશન કરાવીને મૂકવો.

૧૧) યંત્ર પાસે પૂજાની સામગ્રી તૈયાર રાખવી. દા.ત. કેસર, બરાસ, મોટી થાળી ભરીને કુસુમાંજલિ, નાડાછડી બાંધેલા કળશો, પૂજાની થાળી, વાટકી, પુષ્પો, અડધીબાલ્ટીપંચામૃત, એક બાલ્ટી શુદ્ધ પાણી, અંગલૂંછણાં, પાટલૂંછણા, નેપકીન, ધૂપ-દીપક, માચીસ, કુંડી વગેરે.

૧૨) યંત્ર સામે ૩-૪ કટાસણા પાથરવા.

૧૩) સિંહાસન અને યંત્ર પાસે ધૂપ-દીપક અખંડ રીતે ચાલુ રાખવા.

૧૪) વિધિકારકે જ્યાં બેસવાનું હોય ત્યાં ૧ થાળીમાં રક્ષાપોટલી, મીંઢળ, વાસક્ષેપ તૈયાર રાખવા. થાળી ઢંકો તૈયાર રાખવો.

૧૫) ભૂમિશુદ્ધિ માટે એક કળશમાં સુગંધિત સુવર્ણજળ તથા પુષ્પ અને એક વાટકીમાં કેસર તથા પુષ્પ તૈયાર રાખવું.

૧૬) શાંતિકળશની સંપૂર્ણ તૈયારી કરવી. દા.ત. અષ્ટમંગળનો ઘડો, સોપારી, બદામ, સવારુપિયો, ચોખા, કળશો, નાડાછડી, નાગરવેલના ચારપાન, શ્રીફળ, લીલું કપડું, વરખ, કેસર, બાદલું, પુષ્પમાળા આદિ...

૧૭) ૨૭ દીપક તૈયાર રાખવા...

૧૮) ક્ષેત્રપાલની દેરી પાસે તેમાં પધરાવવાના દ્રવ્યની થાળી મૂકવી.

૧૯) ૧૦૮ દીપકની આરતી-મંગલ દીપક અને કપૂર તૈયાર રાખવું.

૨૦) બે થાળીમાં કોરા ચોખા વધાવવા માટે રાખવા.

૨૧) પૂજન ચાલુ કરતા પહેલાં દશાંગ ધૂપ-કંદ્રુપ ધૂપથી વાતાવરણની શુદ્ધિ કરવી.

૨૨) પૂજનાર્થીના હાથમાં મીંઢણ અથવા નાડાછડી બંધાવવી.

૨૩) પરમાત્માની દષ્ટિ ન પડે ત્યાં તિલકની બાદલા સાથે વ્યવસ્થા કરવી.

૨૪) પૂજનાર્થીને મુગટ-માળા ધારણ કરાવવા.

૨૫) દરેક પૂજનાર્થીને હાથ ધોઈ ધૂપી પછી જ પૂજન કરાવવું.

૨૬) શક્ય હોય ત્યાં સુધી દેરાસર અથવા પૂજનનું સ્થળ સજાવવું અને આસોપાલવનું તોરણ બંધાવવું.

Note:

૧) પૂજનની સમાપ્તિ સુધી ધૂપ-દીપક અખંડ ચાલુ રહે તેનું ધ્યાન રાખવું.

૨) સિંહાસન, માંડલું અને યંત્ર વચ્ચે આડ ન પડે તેનું ધ્યાન રાખવું.

૩) માંડલામાં પૂજન માટે પુરુષને પરમાત્માની જમણી બાજુ અને સ્ત્રીને ડાબી બાજૂ ઉભા રાખવા.

૪) કાળા વસ્ત્રો પહેરીને કોઈપણને પ્રવેશ કરવા દેવો નહીં.

૫) પૂજનની સર્વ સામગ્રી પર ધૂપ કરવો.

૬) મજબૂત સંકલ્પ કરી પૂજનની શરૂઆત કરવી.

।। શ્રી નાકોડાભૈરવદેવ મહાપૂજન પૂર્વવિધિ ।।

(સૌ પ્રથમ પં. વીર વિજયજી મ.સા. કૃત સ્નાત્રપૂજા ભણાવવી.)

- ક્ષેત્રના અધિષ્ઠાયક દેવ-દેવીને શ્રીફળ અર્પણ કરી મહાપૂજનની નિર્વિઘ્ન સમાપ્તિ માટે વિનંતી કરવી.
- નીચે લખેલો મંત્ર બોલી સર્વ સામગ્રી ઉપર વાસક્ષેપ કરવો.
- પંચામૃત અને પાણી ઉપર વાસક્ષેપ કરવાનો મંત્રઃ-

ॐ आपोऽप्काया એકેન્દ્રિયા જીવાઃ નિર્વધદેવ પૂજાયાં નિર્વ્યર્થાઃ સન્તુ નિષ્પાપાઃ

સન્તુ સદ્ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસાડદેવાર્ચને સ્વાહા ।।

- ધૂપ તથા દીપક ઉપર વાસક્ષેપ કરવાનો મંત્ર...

ॐ अग्नयोऽग्निकाया एकेऽन्द्रिया जीवाः निर्वधदेव पूजायां निर्व्यर्थाः सन्तु निष्पापाः सन्तु सद्गतयः सन्तु न मे संघट्टन हिंसाऽदेवार्चने स्वाहा...!

● શેષ તમામ સામગ્રી તથા માંડલા ઉપર વાસક્ષેપ કરવાનો મંત્ર...

ॐ वनस्पतयो वनस्पतिकाया एकेन्द्रिया जीवाः निर्वधदेव पूजायां निर्व्यर्थाः सन्तु निष्पापाः सन्तु सद्गतयः सन्तु न मे संघट्टन हिंसाऽदेवार्चने स्वाहा...!

"ॐ भूर्भुवः स्वधाय स्वाहा" (આ મંત्र સાત વાર બોલી વાસક્ષેપથી અભિમંત્રિત ચોખા, પૂજન ભૂમિ પર પ્રક્ષેપ કરી ભૂમિ શુદ્ધિ કરવી.)

॥ અથ શ્રી નાકોડા ભૈરવ દેવ મહાપૂજન વિધિ ॥

–: મંગલાચરણ :–

અર્હન્તો ભગવન્ત ઇન્દ્રમહિતાઃ, સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ ।
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ,
પઞ્ચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મઙ્ગલમ્ ॥
કમઠે ધરણેન્દ્રે ચ સ્વોચિંત કર્મ કુર્વતિ । પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિઃ, પાર્શ્વનાથઃ શ્રિયેસ્તુ વઃ ॥

૧) ૐ હ્રીઁ નમો અરિહંતાણં ।
૨) ૐ હ્રીઁ નમો સિદ્ધાણં ।
૩) ૐ હ્રીઁ નમો આયરિયાણં ।
૪) ૐ હ્રીઁ નમો ઉવજ્ઝાયાણં ।
૫) ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં ।
૬) ૐ હ્રીઁ શ્રી નાકોડા પાર્શ્વ નાથાય નમઃ ।
૭) ૐ હ્રીઁ શ્રી નાકોડા ભૈરવાય નમઃ ।

(આ પાઠ સુમધુર સ્વરે ત્રણ વાર બોલવો.)

।। अथ भूमिशुद्धि विधानम् ।।

(૧) પૂજન ભૂમિની આસપાસમાં રહેલા વાયુ મંડળને વાયુ શુદ્ધ કરવા માટે
દેવલોકમાંથી વાયુકુમાર દેવને નિમંત્રણ...

મંત્રઃ– ॐ ह्रीँ वातकुमाराय, विघ्नविनाशकाय, महीं पूतां कुरु कुरु स्वाहा ।।

(આ મંત્ર બોલી દર્ભના ઘાસથી અથવા ખેસથી પ્રમાર્જના કરતા કરતા એક પ્રદક્ષિણા આપવી.)

(૨) ભૂમિ પર સુગંધિત સુવર્ણ જળની વૃષ્ટિ કરવા માટે દેવલોકમાંથી મેઘકુમાર દેવને નિમંત્રણ...

મંત્રઃ– ॐ ह्रीँ मेघकुमाराय, धरां प्रक्षालय, प्रक्षालय हूँ फूट् स्वाहा ।।

(આ મંત્ર બોલી પુષ્પ અથવા દર્ભના ઘાસને પાણીમાં બોળી પાણી
છાંટતા છાંટતા એક પ્રદક્ષિણા આપવી.)

(૩) પૂજનભૂમિની વિશેષ શુદ્ધિ હેતુ ભૂતધાત્રી દેવીને નિમંત્રણ...

મંત્રઃ– ॐ भूरसि ! भूतधात्रि ! सर्वभूतहिते ! भूमिशुद्धिं कुरु कुरु स्वाहा ।।

(આ મંત્ર બોલી ભૂમિ ઉપર ચંદનના છાંટણાં કરતા કરતા પ્રદક્ષિણા આપવી.)

(૪) દિગ્ બંધન – (દુષ્ટ દેવી દેવતાઓના પ્રવેશ નિષેધ માટે નીચે લખેલા મંત્રો બોલી પાંચ દિશામાં પાણી છાંટવું.)

દિશાઃ–	પૂર્વ	દક્ષિણ	પશ્ચિમ	ઉત્તર	ઉર્ધ્વ
મંત્રઃ–	ક્ષાઁ	ક્ષીઁ	ક્ષૂઁ	ક્ષૌઁ	ક્ષઃ

(૫) શોધન મંત્ર – (નીચે લખેલો મંત્ર બોલી મનની શુદ્ધિ થઈ રહી છે. એવું ચિંતન કરવું.)

મંત્રઃ– ૐ અરજે ! વિરજે ! અશુદ્ધ વિશોધિનિ માં શોધય શોધય સ્વાહા ।।

(૬) ભાવસ્નાન – અંજલી મુદ્રા કરી હાથમાં વિવિધ મહાન તીર્થો અને પવિત્ર નદીઓનું પાણી છે, અને એના દ્વારા હું સ્નાન કરી રહ્યો છું એવી કલ્પના કરવી.)

મંત્રઃ– ૐ નમો વિમલનિર્મલાય સર્વતીર્થજલાય પાઁ પાઁ વાઁ વાઁ ઝ્વીઁ સ્વીઁ

અશુચિઃ શુચિર્ભવામિ સ્વાહા ।।

(આ મંત્ર બોલી શરીર પર ભાવથી સ્નાન કરવું...)

(૭) અમૃતાભિષેક – (નિમ્નોકત મંત્ર બોલતા મારા પર અમૃતની વર્ષા થઇ રહી છે અને મારો આત્મા પવિત્ર, નિર્મલ થઇ રહ્યો છે એવી કલ્પના કરવી.)

મંત્રઃ ૐ અમૃતે ! અમૃતોદ્‌ભવે ! અમૃતવર્ષિણિ ! અમૃતં શ્રાવય શ્રાવય સ્વાહા ॥

(૮) કલ્મષદહન – (વિષય કષાયના કચરાને ભસ્મીભૂત કરવાની ભાવના સાથે મંત્ર બોલવા પૂર્વક બંને ભૂજાઓને સ્પર્શ કરવો.)

મંત્રઃ– ૐ વિદ્યુત્સ્ફુલિઙ્ગે ! મહાવિદ્યે ! સર્વકલ્મષં દહ દહ સ્વાહા ॥

(૯) હૃદય શુદ્ધિ – (રાગ-દ્વેષથી રહિત બનવાની ભાવનાપૂર્વક હૃદય પર બન્ને હાથ રાખવો.)

મંત્રઃ– ૐ વિમલાય વિમલચિત્તાય ઝ્વીં ક્ષ્વીં સ્વાહા ॥

(૧૦) અંગુલીન્યાસ – (આંગળીઓને દેવાધિષ્ઠિત કરવા માટે પહેલા મંત્ર બીજથી તર્જની દ્વારા અંગુઠાને અને બાકીના મંત્ર બીજો દ્વારા અંગુઠાથી ચારેય આંગળીઓને સ્પર્શ કરવો.)

સ્થાનઃ–	અંગુઠો	તર્જની	મધ્યમા	અનામિકા	કનિષ્ઠા
મંત્રઃ–	હ્રાઁ	હ્રીઁ	હ્રૂઁ	હ્રૌઁ	હ્રઃ

(૧૧) પંચાગન્યાસ – (આરોહ-અવરોહપૂર્વક (૧) ઢીંચણ (૨) નાભિ (૩) હૃદય (૪) મુખ અને (૫) શિખા એમ પાંચે અંગો પર હાથનો સ્પર્શ કરવાપૂર્વક મંત્ર બીજોની સ્થાપના કરવી.)

ક્રમઃ	૧	૨	૩	૪	૫
આરોહઃ	ક્ષિ	પ	ૐ	સ્વા	હા
ક્રમઃ	૫	૪	૩	૨	૧
આરોહઃ	હા	સ્વા	ૐ	પ	ક્ષિ

(આ વિધાન ત્રણ વખત કરવું.)

॥ શ્રી વજ્રપઞ્જર સ્તોત્રમ્ ॥

(સંસારિક વિપત્તિઓ દૂર કરનારી, આધ્યાત્મિક સંપત્તિ આપનારી તથા સાત ભયોનું નિવારણ કરી અભય બનાવનારી, મહાન્ ચમત્કારી અનુષ્ઠાન સ્વરુપ આત્મરક્ષા વિવિધ મુદ્રાઓ સાથે કરતા કરતા આપણી આસપાસ વજ્રમય કિલ્લો બની રહ્યો છે, એવી કલ્પના કરવી.)

॥ શ્રી વજ્રપઞ્જર સ્તોત્ર વિધાન ॥

(રાગઃ તુમહી હો માતા-પિતા...)

ૐ પરમેષ્ઠિનમસ્કારં, સારં નવપદાત્મકમ્ । આત્મરક્ષાકરં વજ્ર-પઞ્જરાભં સ્મરામ્યહમ્ ॥૧॥

ૐ નમો અરિહંતાણં, શિરસ્કં શિરસિ સ્થિતમ્ । ૐ નમો સવ્વસિદ્ધાણં, મુખે મુખપટં વરમ્ ॥૨॥

ૐ નમો આયરિયાણં, અઙ્ગરક્ષાડતિશાયિની । ૐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દૃઢમ્ ॥૩॥

ૐ નમો લોએ સવ્વસાહૂણં, મોચકે પાદયોઃ શુભે । એસો પઞ્ચનમુક્કારો, શિલા વજ્રમયી તલે ॥૪॥

સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ । મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાઙ્ગારખાતિકા ॥૫॥

સ્વાહાન્તં ચ પદં જ્ઞેયં, પઢમં હવઇ મઙ્ગલં । વપ્રોપરિ વજ્રમયં, પિધાનં દેહરક્ષણે ॥૬॥

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની । પરમેષ્ઠિપદોદ્ભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ ॥૭॥

યશ્ચૈવં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા । તસ્ય ન સ્યાદ્ ભયં વ્યાધિ-રાધિશ્ચાપિ કદાચન ॥૮॥

(ઉપરોક્ત સ્તોત્ર જે પૂન્યાત્મા હંમેશા આદર સહિત બોલે છે,
તે આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્ત થાય છે.)

।। અથ ક્ષેત્રપાલ પૂજનમ્ ।।

જે ભૂમિ પર પૂજન કરવાનું હોય ત્યાંના અધિષ્ઠાયક દેવની અનુજ્ઞા પ્રાપ્ત કરવાના ભાવ સાથે ક્ષેત્રપાલ પૂજન કરવું.

મંત્રઃ– ૐ ક્ષાઁ ક્ષીઁ ક્ષૂઁ ક્ષૈઁ ક્ષૌઁ ક્ષઃ શ્રી અત્રસ્થક્ષેત્રપાલાય સ્વાહા ।।

(યંત્ર ઉપર જળ, ચંદન તથા પુષ્પ પૂજા તથા માંડલામાં લીલું શ્રીફળ, ચમેલીનું તેલ, જાસુદનું પુષ્પ તથા સવા રુપિયો અર્પણ કરવો.)

।। રક્ષાપોટલી મંત્રિત વિધાન ।।

મંત્રઃ– ૐ હૂઁ ક્ષૂઁ ફુટ્ કીરિટિ કીરિટિ ઘાતય ઘાતય,

પરકૃત–વિઘ્નાન્ સ્ફેટય સ્ફેટય સહસ્ત્રખણ્ડાન્ કુરુ કુરુ,

પરમુદ્રાં છિન્દ છિન્દ, પરમન્ત્રાન્ ભિન્દ ભિન્દ હૂઁ ક્ષઃ ફુટ્ સ્વાહા ।।

(આ મંત્ર સાત વાર બોલી રક્ષાપોટલી ગુરુભગવંતે અથવા વિધિકારકે અભિમંત્રિત કરવી.)

।। રક્ષાપોટલી બાંધવાનો મંત્ર ।।

મંત્રઃ– ૐ નમોઽર્હતે રક્ષ રક્ષ હૂઁ ફુટ્ સ્વાહા ।।

(આ મંત્ર બોલી દરેક પૂજનાર્થીઓએ શુભ સંકલ્પ દ્વારા રક્ષાપોટલી બાંધવી.)

।। વેદિકા સ્થાપના ।।

મંત્રઃ– ૐ હ્રીઁ અર્હઁ શ્રી નાકોડા ભૈરવદેવ !

અત્ર મેરુનિશ્ચલે વેદિકાપીઠે તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ સ્વાહા ।।

(આ મંત્ર બોલી બાજોઠ સ્થાપના કરવી.)

।। યંત્ર (પ્રતિમા) સ્થાપના ।।

મંત્રઃ ૐ હ્રીઁ નાકોડાભૈરવ દેવાય નમઃ ।।

(આ મંત્ર બોલી શ્રી નાકોડા ભૈરવ મહાયંત્રને અથવા પ્રતિમાને સ્પર્શ કરવો.)

॥ અથ આહ્વાનાદિ વિધાનમ્ ॥

આહ્વાન મુદ્રા : ૐ હ્રીઁ શ્રીઁ શ્રી પાર્શ્વનાથસ્વામિ – ચરણોપાસક ! શ્રી નાકોડા ભૈરવ દેવ !
અત્ર આગચ્છ આગચ્છ સંવૌષટ્ । નમઃ શ્રી નાકોડા–ભૈરવ–દેવાય–સ્વાહા ॥

સ્થાપન મુદ્રા : ૐ હ્રીઁ શ્રીઁ શ્રી પાર્શ્વનાથસ્વામિ – ચરણોપાસક ! શ્રી નાકોડા ભૈરવ દેવ !
અત્ર! તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ । નમઃ શ્રી નાકોડા–ભૈરવ–દેવાય–સ્વાહા ॥

સન્નિધાન મુદ્રા : ૐ હ્રીઁ શ્રીઁ શ્રી પાર્શ્વનાથસ્વામિ – ચરણોપાસક ! શ્રી નાકોડા ભૈરવ દેવ !
મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ । નમઃ શ્રી નાકોડા–ભૈરવ–દેવાય–સ્વાહા ॥

સન્નિરોધ મુદ્રા : ૐ હ્રીઁ શ્રીઁ શ્રી પાર્શ્વનાથસ્વામિ – ચરણોપાસક ! શ્રી નાકોડા ભૈરવ દેવ !
પૂજાવિધિં યાવદ્ અત્રૈવ સ્થાતવ્યમ્ । નમઃ શ્રી નાકોડા–ભૈરવ–દેવાય–સ્વાહા ॥

અવગુંઠન મુદ્રા : ૐ હ્રીઁ શ્રીઁ શ્રી પાર્શ્વનાથસ્વામિ – ચરણોપાસક ! શ્રી નાકોડા ભૈરવ દેવ !
પરેષામદીક્ષિતાનામદશ્યો ભવ ભવ ફટ્ । નમઃ શ્રી નાકોડા–ભૈરવ–દેવાય–સ્વાહા ॥

અંજલિ મુદ્રા : ૐ હ્રીઁ શ્રીઁ શ્રી પાર્શ્વનાથસ્વામિ – ચરણોપાસક ! શ્રી નાકોડા ભૈરવ દેવ !
ઇમાં પૂજાં પ્રતીચ્છ પ્રતીચ્છ । નમઃ શ્રી નાકોડા–ભૈરવ–દેવાય–સ્વાહા ॥

હવે અષ્ટપ્રકારી પૂજાના દુહા બોલી પાર્શ્વનાથ પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરવી ત્યારબાદ નાકોડા ભૈરવજીની અષ્ટપ્રકારી પૂજા કરવી.

॥ શ્રી નાકોડા ભૈરવદેવ અષ્ટપ્રકારી પૂજા ॥

॥ જળપૂજા ॥ (નમોઽર્હત્...) (રાગઃ અર્હદ્ભક્ત્ર)

મેવાખ્યે શૈલમધ્યે જનકુલવિદિતે પાર્શ્વનાથ પ્રભુર્યો,
વિખ્યાતે સિદ્ધપીઠેઽગમગુણમહિમા પાર્શ્વવર્તીતદીયો ।
ગૌરાંગો દીપ્યમાનોઽભયવરવરદો રાજતે ક્ષેત્રપાલઃ,
કલ્યાણં સર્વદાતો વિતરતુ દયયા સાંજલિઃ પ્રાર્થયે તં ॥૧॥

બૃહદ્મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ શ્રીનાકોડાભૈરવદેવાય, સાયુધાય, સવાહનાય, સપરિકરાય, ગૌરાઙ્ગ-વર્ણાય, રક્ત-વસ્ત્રાય, મનોવાઞ્છિત-પૂરણાય, રોગ-શોકાદિ-ઉપદ્રવ-નિવારણાય, ધન-ધાન્ય-કોશાગારાદિ-વૃદ્ધિકરાય, સકલસંઘ-સન્નિહિતાય, શ્રી જિનશાસન-પ્રોદ્યોતકરાય, શાકિની-ડાકિની-અસુર-દાનવ-પ્રથમનાય, ભુત-પ્રેતાદિ-વિઘ્ન-નિવારણાય, ક્ષેમંકરાય,

ભદ્રંકરાય, જયંકરાય, વિજયંકરાય, વીરાધિવીરાય, શ્રી સંઘસ્ય લાભાર્થે ક્ષેમાર્થે શાન્તિ-તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ હેતવે...પરિવાર કલ્યાણાર્થે જલં સમર્પયામિ સ્વાહા ।

(રાગઃ તુમ દિલ કી ધડકનમે)

લઘુમંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ નાકોડા ભૈરવાય જલં સમર્પયામિ સ્વાહા ।।

(૧-૨૭ કે ૧૦૮ વાર જળ પૂજા કરવી.)

।। ગન્ધપૂજા ।। (નમોઽર્હત્...) (રાગઃ અર્હદ્ભક્ત્ર)

નાકોડા ભૈરવો મે વસતુ હૃદિ સદા વિશ્વકલ્પદ્રુમો યો,
વિશ્વેશો વિશ્વવંદ્યોઽમરગણગણના નાયકોઽનંતરુપઃ ।
પ્રત્યક્ષો દીનબન્ધુર્જગતિ જયકરઃ સ્વસ્તિ શર્મપ્રદો યઃ,
સર્વાભીષ્ટપ્રદો યઃ ભવતુ ભયહરઃ સાંજલિઃ પ્રાર્થયે તં ।।૨।।

બૃહદ્મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ શ્રીનાકોડાભૈરવદેવાય, સાયુધાય, સવાહનાય, સપરિકરાય, ગૌરાઙ્ગ-

વર્ણાય, રક્ત-વસ્ત્રાય, મનોવાઞ્છિત-પૂરણાય, રોગ-શોકાદિ-ઉપદ્રવ-નિવારણાય, ધન-ધાન્ય-કોશાગારાદિ-વૃદ્ધિકરાય, સકલસંઘ-સન્નિહિતાય, શ્રી જિનશાસન-પ્રોદ્યોતકરાય, શાકિની-ડાકિની-અસુર-દાનવ-પ્રથમનાય, ભુત-પ્રેતાદિ-વિઘ્ન-નિવારણાય, ક્ષેમંકરાય, ભદ્રંકરાય, જયંકરાય, વિજયંકરાય, વીરાધિવીરાય, શ્રી સંઘસ્ય લાભાર્થે ક્ષેમાર્થે શાન્તિ-તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ હેતવે... પરિવાર કલ્યાણાર્થે ગન્ધં સમર્પયામિ સ્વાહા ।

(રાગઃ ટહુકા કરતો જાય મોરલો)

લઘુમંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ નાકોડા ભૈરવાય ગન્ધં સમર્પયામિ સ્વાહા ।।

(૧-૨૭ કે ૧૦૮ વાર જળ પૂજા કરવી.)

।। પુષ્પપૂજા ।। (નમોઽર્હત્...) (રાગઃ અર્હદ્ભક્ત્ર)

નિત્યં ખડ્ગૈસ્ત્રિશુલૈર્ડમરુકસહિતો ખર્પરૈર્ભૂષિતો યઃ,

નાગૈ યજ્ઞોપવીતૈરનુ દીવસમરનાશકો નૃત્યદક્ષઃ ।

કટ્યાં કાંચ્યા વરિષ્ઠૈર્મુકુટમણિમયૈઃ કુંડલૈઃ શોભિતો યઃ,

સર્વાભીષ્ટપ્રદો યઃ ભવતુ ભયહરઃ સાંજલિઃ પ્રાર્થયે તં ।।૩।।

બૃહદ્મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ શ્રીનાકોડાભૈરવદેવાય, સાયુધાય, સવાહનાય, સપરિકરાય, ગૌરાઙ્ગ-વર્ણાય, રક્ત-વસ્ત્રાય, મનોવાઞ્છિત-પૂરણાય, રોગ-શોકાદિ-ઉપદ્રવ-નિવારણાય, ધન-ધાન્ય-કોશાગારાદિ-વૃદ્ધિકરાય, સકલસંઘ-સન્નિહિતાય, શ્રી જિનશાસન-પ્રોદ્યોતકરાય, શાકિની-ડાકિની-અસુર-દાનવ-પ્રથમનાય, ભુત-પ્રેતાદિ-વિઘ્ન-નિવારણાય, ક્ષેમંકરાય, ભદ્રંકરાય, જયંકરાય, વિજયંકરાય, વીરાધિવીરાય, શ્રી સંઘસ્ય લાભાર્થે ક્ષેમાર્થે શાન્તિ-તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ હેતવે...પરિવાર કલ્યાણાર્થે પુષ્પં સમર્પયામિ સ્વાહા ।

(રાગઃ સાંઈરામ સાંઈશ્યામ)

લઘુમંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ નાકોડા ભૈરવાય પુષ્પં સમર્પયામિ સ્વાહા ।।

(૧-૨૭ કે ૧૦૮ વાર પુષ્પ પૂજા કરવી.)

॥ ધૂપપૂજા ॥ (નમોઽર્હત્...) (રાગઃ અર્હદ્ભક્ત્ર)

શોકાન્મોહાન્પ્રલોભાન્ હરતિ ઝટિતિ યો દૈન્યતાપત્રવ્યાધિં,
સર્વાન્પાપાન્પ્રવિઘ્નાન્ પ્રહરતિ દયયા ભક્તસેવાવશી સઃ ।
સર્વં કર્તું સમર્થઃ કલુષિતમનસો ભૈરવો માનદો યઃ,
સિદ્ધિનાં દાયકો મે ભવતુ ભયહરઃ સાંજલિઃ પ્રાર્થયે તં ॥૪॥

બૃહદ્મંત્રઃ- ૐ હ્રીં શ્રીં શ્રીનાકોડાભૈરવદેવાય, સાયુધાય, સવાહનાય, સપરિકરાય, ગૌરાઙ્ગ-વર્ણાય, રક્ત-વસ્ત્રાય, મનોવાઞ્છિત-પૂરણાય, રોગ-શોકાદિ-ઉપદ્રવ-નિવારણાય, ધન-ધાન્ય-કોશાગારાદિ-વૃદ્ધિકરાય, સકલસંઘ-સન્નિહિતાય, શ્રી જિનશાસન-પ્રોદ્યોતકરાય, શાકિની-ડાકિની-અસુર-દાનવ-પ્રથમનાય, ભુત-પ્રેતાદિ-વિઘ્ન-નિવારણાય, ક્ષેમંકરાય, ભદ્રંકરાય, જયંકરાય, વિજયંકરાય, વીરાધિવીરાય, શ્રી સંઘસ્ય લાભાર્થે ક્ષેમાર્થે શાન્તિ-તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ હેતવે... પરિવાર કલ્યાણાર્થે ધૂપં આઘ્રાપયામિ સ્વાહા ।

(રાગઃ કેસરીયો રંગ તને-ગરબા)

લઘુમંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ નાકોડા ભૈરવાય ધૂપં આઘ્રાપયામિ સ્વાહા ।।

(૧-૨૭ કે ૧૦૮ વાર ધૂપ પૂજા કરવી.)

।। દીપકપૂજા ।। (નમોઽર્હત્...) (રાગઃ અર્હદ્ભક્ત્ર)

ભક્તાનાં કષ્ટહર્તા ત્રિભુવન વિદિતો ભૈરવો ભૂતનાથઃ,

પુત્રાન્દારાન્ પ્રદાતાઽમલકમલમુખઃ શાન્તિ-સૌખ્યપ્રદો યઃ ।

લક્ષ્મીદાતા વિધાતા ભવભયહરણો દિવ્ય નેત્રપ્રદો યઃ,

ભક્ત્યા ભીષ્ટપ્રદો મે ભવતુ ભયહરઃ સાંજલિઃ પ્રાર્થયે તં ।।૫।।

લઘુમંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ શ્રીનાકોડાભૈરવદેવાય, સાયુધાય, સવાહનાય, સપરિકરાય, ગૌરાઙ્ગ-વર્ણાય, રક્ત-વસ્ત્રાય, મનોવાઞ્છિત-પૂરણાય, રોગ-શોકાદિ-ઉપદ્રવ-નિવારણાય, ધન-ધાન્ય-કોશાગારાદિ-વૃદ્ધિકરાય, સકલસંઘ-સન્નિહિતાય, શ્રી જિનશાસન-પ્રોદ્યોતકરાય, શાકિની-ડાકિની-અસુર-દાનવ-પ્રથમનાય, ભુત-પ્રેતાદિ-વિઘ્ન-નિવારણાય, ક્ષેમંકરાય, ભદ્રંકરાય, જયંકરાય, વિજયંકરાય, વીરાધિવીરાય, શ્રી સંઘસ્ય લાભાર્થે ક્ષેમાર્થે શાન્તિ-તુષ્ટિ-

પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ હેતવે...પરિવાર કલ્યાણાર્થે દીપકં દર્શયામિ સ્વાહા ।

(રાગઃ રઘુપતિ રાઘવ રાજારામ)

લઘુમંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ નાકોડા ભૈરવાય દીપકં દર્શયામિ સ્વાહા ।।

(૧-૨૭ કે ૧૦૮ વાર દીપક પૂજા કરવી.)

।। અક્ષતપૂજા ।। (નમોઽર્હત્...) (રાગઃ અર્હદ્ભક્ત્ર)

વિદ્યાવાદે-પ્રવાદે પ્રહરણસમયે સ્થંભને વારિમધ્યે,
રાજસ્થાને સ્મશાને રહસિ પથિ વને મોહને વા ભયે વા ।
નિર્વિઘ્નં વાંછિતાર્થં ભવતિ કરુણયા યસ્ય શીઘ્રં ત્રિકાલં,
સોઽદ્યત્વેઽભીષ્ટદાતા પ્રભવતુ વરદઃ સાંજલિઃ પ્રાર્થયે તં ।।૬।।

બૃહદ્મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ શ્રીનાકોડાભૈરવદેવાય, સાયુધાય, સવાહનાય, સપરિકરાય, ગૌરાઙ્ગ-વર્ણાય, રક્ત-વસ્ત્રાય, મનોવાઞ્છિત-પૂરણાય, રોગ-શોકાદિ-ઉપદ્રવ-નિવારણાય, ધન-ધાન્ય-કોશાગારાદિ-વૃદ્ધિકરાય, સકલસંઘ-સન્નિહિતાય, શ્રી જિનશાસન-પ્રોદ્યોતકરાય,

શાકિની-ડાકિની-અસુર-દાનવ-પ્રથમનાય, ભુત-પ્રેતાદિ-વિઘ્ન-નિવારણાય, ક્ષેમંકરાય, ભદ્રંકરાય, જયંકરાય, વિજયંકરાય, વીરાધિવીરાય, શ્રી સંઘસ્ય લાભાર્થે ક્ષેમાર્થે શાન્તિ-તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ હેતવે...પરિવાર કલ્યાણાર્થે અક્ષતં સમર્પયામિ સ્વાહા ।

(રાગઃ કેસરીયો રંગ તને-ગરબા)

લઘુમંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ નાકોડા ભૈરવાય અક્ષતં સમર્પયામિ સ્વાહા ।।

(૧-૨૭ કે ૧૦૮ વાર અક્ષત પૂજા કરવી ત્રિશુલ બનાવવું.)

।। નૈવેદ્યપૂજા ।। (નમોઽર્હત્...) (રાગઃ અર્હદ્ભક્ત્ર)

વ્યાપારે દ્યુતમધ્યે નયતિ બહુજયં યસ્ય કારુણ્યમૂર્તેઃ
સેવાસક્તો ધ્રુવં વૈ ભવતિ ભૂવિ નરો જાતુ રંકોઽપિ રાજા ।
સર્વાલંકારયુક્તઃ સુમતિઃ, સુતગણૈર્યોષિદાભૂષિતો યઃ,
સોઽનાથં તાદશં માં કલયતુ સકલં સાંજલિઃ પ્રાર્થયે તં ।।૭।।

બૃહદ્‌મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ શ્રીનાકોડાભૈરવદેવાય, સાયુધાય, સવાહનાય, સપરિકરાય, ગૌરાઙ્ગ-વર્ણાય, રક્ત-વસ્ત્રાય, મનોવાઞ્છિત-પૂરણાય, રોગ-શોકાદિ-ઉપદ્રવ-નિવારણાય, ધન-ધાન્ય-કોશાગારાદિ-વૃદ્ધિકરાય, સકલસંઘ-સન્નિહિતાય, શ્રી જિનશાસન-પ્રોદ્યોતકરાય, શાકિની-ડાકિની-અસુર-દાનવ-પ્રથમનાય, ભુત-પ્રેતાદિ-વિઘ્ન-નિવારણાય, ક્ષેમંકરાય, ભદ્રંકરાય, જયંકરાય, વિજયંકરાય, વીરાધિવીરાય, શ્રી સંઘસ્ય લાભાર્થે ક્ષેમાર્થે શાન્તિ-તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ હેતવે... પરિવાર કલ્યાણાર્થે નૈવૈદ્યં સમર્પયામિ સ્વાહા ।

(રાગઃ શ્યામતેરી બંસી પુકારે)

લઘુમંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ નાકોડા ભૈરવાય નૈવૈદ્યં સમર્પયામિ સ્વાહા ।।

(૧-૨૭ કે ૧૦૮ વાર જળ પૂજા કરવી.)

।। ફલપૂજા ।। (નમોઽર્હત્...) (રાગઃ અર્હદ્ભક્ત્ર)

મૂકં વાચાલમાદ્યં ભવિકમનલસં યો વિધત્તેહિ દયાલુઃ,

પંગું પાદદ્વયં યો બધિરમવિરતં શ્રોત્રયુગ્મં સુનેત્રં ।

જન્માંધંજ્ઞાનલિપ્સું ગુરુસમધિષણં કીર્તિવાંછાં-સુકીર્તિં,

દદ્યાન્મે માનસં સોડભિલષિતમધુના સાંજલિઃ પ્રાર્થયે તં ।।૮।।

બૃહદ્મંત્ર :- ૐ હ્રીઁ શ્રીઁ શ્રીનાકોડાભૈરવદેવાય, સાયુધાય, સવાહનાય, સપરિકરાય, ગૌરાઙ્ગ-વર્ણાયિ, રક્ત-વસ્ત્રાય, મનોવાઞ્છિત-પૂરણાય, રોગ-શોકાદિ-ઉપદ્રવ-નિવારણાય, ધન-ધાન્ય-કોશાગારાદિ-વૃદ્ધિકરાય, સકલસંઘ-સન્નિહિતાય, શ્રી જિનશાસન-પ્રોદ્યોતકરાય, શાકિની-ડાકિની-અસુર-દાનવ-પ્રથમનાય, ભુત-પ્રેતાદિ-વિઘ્ન-નિવારણાય, ક્ષેમંકરાય, ભદ્રંકરાય, જયંકરાય, વિજયંકરાય, વીરાધિવીરાય, શ્રી સંઘસ્ય લાભાર્થે ક્ષેમાર્થે શાન્તિ-તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ હેતવે... પરિવાર કલ્યાણાર્થે ફલં સમર્પયામિ સ્વાહા ।

(રાગઃ ગાન તમારું ગાતા ગાતા)

લઘુમંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ નાકોડા ભૈરવાય ફલં સમર્પયામિ સ્વાહા ।।

(૧-૨૭ કે ૧૦૮ વાર ફળ પૂજા કરવી.)

॥ વસ્ત્રપૂજા ॥ (નમોઽર્હત્...) (રાગઃ આર્યાછંદ)

સર્વપાપહરં પુણ્યં, સ્તોતવ્યં ભૈરવાષ્ટકં ।
બ્રહ્મરાક્ષસ નાશાય, વ્યાધ્યુપસર્ગનાશનં ।
યસ્ત્રિકાલં પઠેન્નિત્યં, શ્રુણુયાદ્વા સ્તવં શુભમ્।
પ્રાપ્નુયાદ્વાઞ્છિતં સોઽથ, સૂરિ હિમાચલોઽપિચ ॥૯॥

બૃહદ્મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ શ્રીનાકોડાભૈરવદેવાય, સાયુધાય, સવાહનાય, સપરિકરાય, ગૌરાઙ્ગ-વર્ણાય, રક્ત-વસ્ત્રાય, મનોવાઞ્છિત-પૂરણાય, રોગ-શોકાદિ-ઉપદ્રવ-નિવારણાય, ધન-ધાન્ય-કોશાગારાદિ-વૃદ્ધિકરાય, સકલસંઘ-સન્નિહિતાય, શ્રી જિનશાસન-પ્રોદ્યોતકરાય, શાકિની-ડાકિની-અસુર-દાનવ-પ્રથમનાય, ભુત-પ્રેતાદિ-વિઘ્ન-નિવારણાય, ક્ષેમંકરાય, ભદ્રંકરાય, જયંકરાય, વિજયંકરાય, વીરાધિવીરાય, શ્રી સંઘસ્ય લાભાર્થે ક્ષેમાર્થે શાન્તિ-તુષ્ટિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ હેતવે... પરિવાર કલ્યાણાર્થે વસ્ત્રં સમર્પયામિ સ્વાહા ।

લઘુમંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ નાકોડા ભૈરવાય વસ્ત્રં સમર્પયામિ સ્વાહા ॥

(રાગઃ લાલ ખેસ અર્પણ કરવો.)

(ત્યારબાદ સમયાનુસાર નિમ્નોકત સ્તોત્ર બોલવું.)

॥ શ્રી નાકોડા ભૈરવદેવ સ્તોત્રમ્ ॥ (રાગઃ અર્ધ્દકૂત્ર)

યં યં યં યક્ષરુપં દશદિશિ ઉષિતં, ભૂમિ કમ્પાયમાનમ્ ।
સં સં સંસ્કારમૂર્તિ શિરમુકુટ જટા, શેખરં ચન્દ્રબિમ્બમ્ ।
દં દં દં દીર્ઘકાયં સુચિત નખમુખં, કુગ્ચિતં કેશ ભાલમ્ ।
ગં ગં ગં ગેયવીરં નદ જલ કલશૈઃ, પૂજયે ભેરુદેવમ્ ॥૧॥

રં રં રં રક્તવર્ણં નૂપુર કટિપદં, દાઢિમં દન્તવક્ત્રમ્ ।
ઘં ઘં ઘં ઘોર ઘોષં ઘઘ-ઘઘ ઘુરિતં, ઘર્ઘરા ઘોર નાદમ્ ॥
કં કં કં કાલ પાશં વિષય વિષહરં, જ્વાલિતં કામ દેહમ્ ।
તં તં તં તપ્તદેહં સુરભિમલયજૈઃ, પૂજયે ભૈરુ દેવમ્ ॥૨॥

લં લં લં લમ્બરુપં લલ લલ લલિતં, દીર્ઘ જિહ્વા રસજ્ઞમ્ ।
ધૂં ધૂં ધૂં ધૂમ્રવર્ણૈઃ સ્ફુટ કમલ મુખં, ભાસ્વરં ભીમ રુપમ્ ॥
રું રું રું રુદ્ર માલં, રુચિર તનુમયં, સૌમ્ય નેત્રં વિશાલમ્ ।
નં નં નં નૃત્યકારં, સુરભિસુકુસુમૈઃ, પૂજયે ભેરુ દેવમ્ ॥૩॥

વં વં વં વાયુવેગં વિવિધ પરિણતં, બ્રહ્મપારં પરન્તમ્ ।।

ડં ડં ડં ડાકવાદ્યં ભવતુભયહરં, ભૂતવૈતાલનાશમ્ ।

ચં ચં ચાણ્ડાલ રક્ષં નીતનવ ચરિતં, નાશિતં દુષ્ટ જાલમ્ ।

મં મં મં મૂલમન્ત્રં ધૂપગતિ સુધૂપૈઃ, પૂજયે ભેરુ દેવમ્ ।।૪।।

શં શં શં શંખ હસ્તં શશધર ધવલં, તાપ-પાપ નિહન્તમ્ ।

ભં ભં ભં ભક્તિમન્ત્રં, કુવલય રચિતં, મંત્ર-મૂર્તિસ્તુ નિત્યમ્ ।।

પં પં પં પારિજાતં, જનમનહરણં, ગેહગેહં વસન્તમ્ ।

અં અં અં અંતરિક્ષં, જ્વલિત મિત શિખૈઃ પૂજયે ભેરુ દેવમ્ ।।૫।।

ખં ખં ખં ખડ્ગભેદં વિષયામૃતમયં, કાલવેલા વિશાલમ્

ક્ષં ક્ષં ક્ષં ક્ષિપ્રવેગં, દહ દહ દહનં, તપ્ત દેદીપ્યમાનમ્ ।।

હું હું હુંકારનાદં વિકસિત વદનં, ગર્જના ભૂમિ કમ્પમ્ ।

બં બં બં બાલ લીલેડક્ષત ધવલભરૈઃ, પૂજયે ભેરુદેવમ્ ।।૬।।

સં સં સં સિદ્ધયોગં, શિવપદ સુખદં, દેવ-દેવી પ્રસન્નમ્ ।

ગં ગં ગં ગમ્યદેવં, જગતિ ચ શુભદં, ચન્દ્ર સૂર્યાદિનેત્રમ્ ।।
જં જં જં જાપ્યમન્ત્રં, ભવભયહરણં, સર્વદા સર્વકાલમ્ ।
ત્રં ત્રં ત્રં ત્રાણરુપં મધુનવમધુરૈઃ, પૂજયે ભૈરુદેવમ્ ।।૭।।
હં હં હં હંસદેહં કલિ કલહહરં, વાઙ્મયં જ્ઞાન દીપમ્ ।
ઝં ઝં ઝંકાર રાવં વદતિ ચ ગગને, કષ્ટહર્તા ત્રિકાલમ્ ।।
ટં ટં ટંકાર ઘણ્ટં જગતિ જયકરં, મંગલં ભક્તિભાવમ્ ।
ધં ધં ધં ધર્મરુપં, જલભરસુફલૈ, પૂજયે ભૈરુદેવમ્ ।।૮।।

।। દોરાભિમંત્રણ ।।

(મનોકામના પૂર્ણ કરવા માટે મજબૂત સંકલ્પ કરી નાકોડા ભૈરવદેવનું ધ્યાન ધરતા ધરતા ઉનના શેરમી લાલ દોરાને મંત્ર બોલતા બોલતા સૌ પ્રથમ વચ્ચે પછી ૧૩ ગાંઠ જમણી બાજુ અને ૧૩ ગાંઠ ડાબી બાજુ એમ ૨૭ ગાંઠ લગાવવી. દરેક વખતે નાકોડા ભૈરવદેવની પ્રતિમા પર વાસક્ષેપ કરવો.)

મંત્રઃ- ૐ ક્ષાઁ ક્ષીઁ ક્ષૂઁ ક્ષૈઁ ક્ષૌઁ ક્ષઃ હ્રીઁ શ્રીઁ નાકોડા ભૈરવદેવ ! નમોઽસ્તુ તે મમ

શાન્તિં, તુષ્ટિં, પુષ્ટિં, ઋદ્ધિં, વૃદ્ધિં સિદ્ધિં, સમૃદ્ધિં રક્ષાં ચ કુરુ કુરુ,

મમોપરિ પ્રસન્નો ભવ ભવ વાઞ્છિતં પૂરય પૂરય સ્વાહા ।

(ત્યારબાદ જો હવન વિધિ ન કરવાની હોય તો પાર્શ્વનાથ પરમાત્માની ૧૦૮ દીપકની આરતિ તથા મંગળદીપક ઉતારવો.) (પછી નાકોડા ભૈરવદેવની પાંચ દીપકની આરતી ઉતારવી.)

॥ શ્રી નાકોડા ભૈરવદેવ આરતિ ॥

(રાગ: ૐ જય જગદીશ હરે!)

ૐ જય જય જયકારા, વારી જય જય ઝંકારા,
આરતી ઉતારો ભવિજન મિલકર, ભૈરવ રખવાલા,
વારી જીવન રખવાલા ૐ જય જય જયકારા...॥૧॥

તું સમકિત સુરનર મન મોહક, મંગલ નિતકારા, વારી...મં.,
શ્રી નાકોડા ભૈરવ સુન્દર, જન મન હરનારા, ૐ...॥૨॥

ખડગ ત્રિશુલ ધર ખપ્પર સોહે, ડમરુ કર ધારા । વારી. ડ.,
અદ્‌ભુત રુપ અનોખી રચના, મુકુટ કુણ્ડલ સારા, ૐ...॥૩॥
ૐ હ્રીઁ ક્ષાં ક્ષઃ મંત્રબીજ યુત, નામ જપે તારા, વારી. ના.
રિદ્ધિ સિદ્ધિ અરુ સમ્પદ મનોહર, જીવન સુખકારા ૐ...॥૪॥
કુશલ કરે તેરા નામ લિયા નિત, આનંદ કરનારા, વારી. આ.,
રોગ શોક દુઃખ દારિદ્ર હરતા, વાંછિત દાતારા, ૐ...॥૫॥
શ્રી ફલ લાપસી માતર સુખડી, લડ્ડુ તેલધારા વારી. લ.
ધુપ દીપ ફૂલ માલ આરતિ, નિત નયે રવિવારા । ૐ...॥૬॥
વૈયાવચ્ચ કરતા સંઘ તેરી, ધ્યાન અડગ ધારા । વારી. ધ્યા.
'હિંમત' 'હિત' સે ચિત્ત મેં ધરતા, 'ભવ્યાનંદ' પ્યારા ૐ...॥૭॥
દો હજાર કે શુભ સંવત્સર, પોષ માસ રસાલા । વારી. પો.
શ્રી સંઘ મિલકર કરે આરતિ મંગલ શિવ માલા । ૐ...॥૮॥

(પછી શાંતિ-કલશ, ચૈત્યવંદન, ક્ષમાપના અને વિસર્જન વિધાન કરવું.)

॥ ક્ષમાપના મંત્ર ॥

ૐ આજ્ઞાહીનં ક્રિયાહીનં, મંત્રહીનં ચ યત્કૃતમ્, તત્ સર્વં કૃપયા દેવા! ક્ષમન્તુ વીરેશ્વરા! ॥૧॥

ૐ આહ્વાનં નૈવ જાનામિ, ન જાનામિ વિસર્જનમ્, પૂજાવિધિં ન જાનામિ, પ્રસીદ વીરેશ્વર! ॥૨॥

(ત્યારબાદ વિસર્જન મુદ્રા કરી વાસક્ષેપ દ્વારા વિસર્જન કરવું.)

॥ વિસર્જન મંત્ર ॥

ૐ વિસર વિસર સ્વસ્થાનં ગચ્છ ગચ્છ પુનરાગમનાય પ્રસીદ પ્રસીદ સ્વાહા ।

(નિમ્નોક્ત સ્તુતિ પૂજન પૂર્ણ થયા બાદ વાસક્ષેપ કરવો.)

॥ હવન વિધિ પ્રારંભ ॥

હવન માટે અગત્યની સૂચનાઓ

૧) હવનકુંડ ત્રણ મેખલાવાળો સમચોરસ કાચી ઈંટનો, આગળના ભાગમાં ઘી ની આહૂતિ માટે જીભવાળો બનાવવો, તથા આગળના દિવસે ધોળાવીને રાખવો, ત્રણેય પીઠોને મીંઢળ યુક્ત નાડાછડી બાંધવી.

૨) હવનમાં ઉપયોગમાં લેવાના લાકડા તથા ઔષધી વગેરેને જીવજંતુથી રહિત કરવા.

૩) લાકડાના નાના-નાના ટુકડાઓ કરાવી લેવા, અને એક મોટા થાળમાં મૂકવા.

૪) આહૂતિની ક્રિયા શરૂ કરતા પહેલા આ લાકડાઓને ઘીથી ભીંજવી તૈયાર રાખવા, કર્પૂરનું ચૂર્ણ તૈયાર રાખવું.

૫) આહૂતિ માટેની ગોળીઓ માટે કેસર, અગર, તગર, બરાસનો ભૂક્કો, નાગરમોથ, છેડ-છબીલો, અખરોટનો ભૂક્કો તથા હવનપૂડો, ખોપરાના બુરો મીક્ષ કરી તેમાં ઘી નાખી નાની-નાની ૧૦૮ ગોળીઓ બનાવવી.

૬) હવન માટે લાકડાનો ચમચો તૈયાર રાખવો.

૭) પૂજાદ્રવ્યો મૂકવા માટે તથા આહૂતિ આપવા માટે સ્ટીલના પાત્રનો ઉપયોગ કરવો નહીં.

૮) પ્રતિમા કે ફોટાની સન્મુખ જ હવનકુંડ હોય તો શ્રેષ્ઠ છે. શક્ય ન હોય તો નજીકના ખુલ્લા આકાશ નીચે હવનકુંડ બનાવી શકાય છે.

૯) હવનની પહેલા કુંભ તથા દીપક સ્થાપના કરાવવી.

૧૦) હવન સામગ્રીના દ્રવ્યો વ્યવસ્થિત યોગ્ય પાત્રમાં ગોઠવવાં.

૧૧) વિધિકારકે તથા પૂજનાર્થીઓએ હાથમાં મીંઢળ અથવા નાડાછડી બાંધવી, કેસરનું તિલક કરવું તથા

પૂજન કરનારાઓને ફૂલની માળા અને મુકુટ ધારણ કરાવવા.

૧૨) આહૂતિ માટેના દ્રવ્યો અલગ-અલગ વ્યક્તિઓના હાથમાં આપી કુંડની સામે બેસાડવા.

૧૩) એક થાળીમાં રક્ષા પોટલી તથા લાલ ધાગા વાસક્ષેપ સાથે તૈયાર રાખવા.

૧૪) આરતી તથા શાંતિકળશની તૈયારી રાખવી.

૧૫) નાળિયેરના સુકા ગોળામાં ઉપરથી છેદ કરી ઘીથી સંપૂર્ણ ભરી વરખ લગાવવો.

૧૬) એક થાળીમાં લાપસી-ખીર-પૂરી-ભજીયા અને બાકુલા તૈયાર રાખવાં.

૧૭) સર્વ સામગ્રી ઉપર નવકારમંત્ર તથા શ્રી નાકોડા ભૈરવદેવનું સ્મરણ કરીને "ॐ वनस्पतयो" આ મંત્ર દ્વારા વાસક્ષેપ કરવો.

૧૮) હવનકુંડના ચારેય ખૂણામાં અને વચ્ચે કંકુથી સ્વસ્તિક કરી તેની ઉપર પાન, સોપારી અને નાળિયેરનો ગોળો પધરાવવો.

૧૯) હવનકુંડમાં લાકડા ગોઠવી થોડું કપૂર ગોઠવવું.

(સૌ પ્રથમ શુભ મુહૂર્તે કુંભ સ્થાપના વિધિ અને દીપક સ્થાપના વિધિ કરવી.)

(સર્વપ્રથમ ત્રણ નવકાર પછી વજપઞ્જર સ્તોત્ર બોલવું.)

।। અથ કુંભ સ્થાપના વિધિ ।।

(પ્રથમ સ્નાન કરી પૂજાના વસ્ત્રો પહેરવા, કેસરનું તિલક કરીને હાથે નાડાછડી અને મીંઢળ બાંધવું. હવે સજોડે અથવા સૌભાગ્યવતી બહેન પાસે નીચેની વિધિ કરાવવી.)

(જ્યાં કુંભને સ્થાપના કરવાનો હોય ત્યાં ભૂમિ શુદ્ધિ કરીને તેના ઉપર બહેન પાસે કંકુનો સાથિયો દોરાવવો અને તેના ઉપર સવાશેર ડાંગર અથવા ચોખાનો સાથિયો કરાવવો...કુંભને નાડાછડી તથા મીંઢળ બાંધવું. નિમ્ન મંત્ર કુંભ ઉપર કેસર દ્વારા લખવો.)

–: કુંભ પર લખવાનો મંત્ર :–

મંત્રઃ– ૐ હ્રીઁ સર્વોપદ્રવાન્ નાશય નાશય સ્વાહા ।।

(કુંભમાં ચંદનનો સાથિયો કરાવીને તેમાં સવા રુપિયો, ચોખા, સોપારી, પંચરત્નની પોટલી આદિ મૂકવું.) (એક–બે દિવસ અગાઉ કુંભ સ્થાપના કરવાની હોય તો તેમાં કપૂર નાખવું.)

(ત્યારબાદ શુદ્ધ પાણી લઈને તેના વડે અખંડ જલધારા પૂર્વક શુભ મુહૂર્તે એક નવકાર, એક ઉવસગ્ગહરં અને મોટી શાંતિ બોલતા કુંભ ભરવો.)

(પછી નવકાર બોલવો, પછી ચાર નાગરવેલના પાન મૂકી ઘડામાં શ્રીફલ પધરાવી લીલા કપડાથી

ઘડાને બાંધવો, ત્યારબાદ કેસરથી વિલેપન કરી, વરખ લગાવી, પુષ્પમાળા પહેરાવવી, સજોડાએ ઘડો ભરીને પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા આપતા ધવલ મંગલ ગીતો ગાવા અને ઘડાને ચોખાથી વધાવવો, પછી પ્રભુજીની જમણી બાજુ કુંભ સ્થાપનાની જગ્યા પર આવીને ડાંગરના સ્વસ્તિક ઉપર ત્રણ નવકાર ગણવાપૂર્વક નિમ્નોકત મંત્ર દ્વારા શ્વાસ સ્થિર કરી ઘડો પધરાવવો.)

મંત્રઃ- ૐ હ્રીઁ ઠઃ ઠઃ ઠઃ સ્વાહા ।।

(પછી હાથમાં કુસુમાંજલિ ગ્રહણ કરી નીચેનો શ્લોક બોલીને ત્રણવાર કુંભને વધાવવો.)

(રાગઃ સ્નાતસ્યા)

પૂર્ણં યેન સુમેરુશૃઙ્ગસદૃશં, ચૈત્યં સુદેદીપ્યતે,

યઃ કીર્તિં યજમાન-ધર્મકથન-પ્રસ્ફૂર્જિતાં ભાષતે ।

યઃ સ્પર્ધાં કુરુતે જગત્રયમહા-દીપેન દોષારિણા,

સોડયં મંગલ રુપ-મુખ્યગણનઃ કુમ્ભશ્ચિરં નન્દતાત્ ।।

॥ અથ દીપક સ્થાપન વિધિ ॥

(કુંભની જમણી બાજુએ દીપક સ્થાપના કરવી. તેમાં નીચે કંકુ અથવા કેસરનો સાથિયો કરી ભીની માટી મૂકવી. ॐ હ્રીં સર્વોપદ્રવાન્ નાશય નાશય સ્વાહા । આ મંત્ર વડે નાડાછડી, મીંઢળ ફાનસને બાંધી, સાત નવકાર ગણી માટી પર તે ફાનસને મૂકવું પછી પરમાત્માની સમક્ષ સજોડાને બેસાડી ત્રાંબાના કોડીયામાં સાથિયો કરાવી તેમાં પંચરત્નની પોટલી, સવારુપિયા અને સોપારી મૂકવી પછી ૨૭ તારની દીવેટ મૂકવી.)

(પછી નિમ્નોક્ત શ્લોક ત્રણવાર બોલી શ્વાસ સ્થિર કરી કોડીયામાં ઘી પૂરાવવું.)

(રાગઃ આર્યાછંદ)

મંત્રઃ– ॐ ઘૃતમાયુર્વૃદ્ધિકરં, ભવતિપરં જૈનદૃષ્ટિ સંપર્કાત્ ।

તત્સંયુક્તઃ પ્રદીપઃ પાતુ, સદા ભાવ–દુઃખેભ્યઃ સ્વાહા ॥

(પછી નીચેનો શ્લોક બોલીને અન્ય દીપક વડે દીપક પ્રગટાવવો.)

ૐ અર્હમ્–પઞ્ચજ્ઞાનમહાજ્યોતિ–ર્મયોડયં દ્વાન્ત ઘાતિને ।

ધોતનાય પ્રતિમાયા, દીપો ભૂયાત્ સદાડર્હતઃ ।।

(પછી સજોડે પરમાત્માની ત્રણ પ્રદક્ષિણા આપી દીપકની જ્યોત કુંભ સમક્ષ રહે તે રીતે માટી પર દીપકને સ્થાપન કરવો.)

(ગુરુભગવંતે અથવા વિધિકારકે નિમ્નોક્ત મંત્રપૂર્વક દીપક પર વાસક્ષેપ કરવો.)

ૐ અગ્નયોડગ્નિકાયા એકેન્દ્રિયા જીવાઃ નિર્વદ્ય દેવ–પૂજાયાં નિર્વ્યથાઃ સન્તુ,

નિષ્પાપાઃ સન્તુ, સદ્ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસા દેવાર્ચને સ્વાહા ।।

(ફાનસને પુષ્પ–માળા પહેરાવીને કુસુમાંજલિપૂર્વક દીપકને વધાવવો.)

(સંપૂર્ણ હવન પર્યન્ત ધૂપ–દીપક અખંડ રીતે ચાલુ રાખવા.)

(ત્યારબાદ વાસક્ષેપ દ્વારા હવન–ભૂમિશુદ્ધિ કરવી.)

મંત્રઃ– ૐ ભૂરસિ ભૂતધાત્રિ ! સર્વ ભૂતહિતે ! હવન–ભૂમિશુદ્ધિં કુરુ કુરુ સ્વાહા ।

(પછી નિમ્નોક્ત મંત્ર બોલી વાસક્ષેપ વડે કુંડની દશે દિશામાં દશ દિક્પાલ દેવનું આહ્વાન ના ભાવથી પૂજન કરવું.)

॥ દિક્પાલ વાસક્ષેપ પૂજન મંત્ર ॥ નમોઽર્હત્...

૧) ૐ ઇન્દ્રાય નમઃ (પૂર્વ)

૨) ૐ અગ્નયે નમઃ (અગ્નિ)

૩) ૐ યમાય નમઃ (દક્ષિણ)

૪) ૐ નૈઋતયે નમઃ (નૈઋતિ)

૫) ૐ વરુણાય નમઃ (પશ્ચિમ)

૬) ૐ વાયવે નમઃ (વાયવ્ય)

૭) ૐ કુબેરાય નમઃ (ઉત્તર)

૮) ૐ ઇશાનાય નમઃ (ઇશાન)

૯) ૐ બ્રહ્મણે નમઃ (ઉપર)

૧૦) ૐ નાગાય નમઃ (નીચે)

॥ પાંચ સ્વસ્તિક વિધાન ॥

(એક પાટ પર ચોખાથી પાંચ સ્વસ્તિક કરી તેની ઉપર નાગરવેલનું પાન, તજ, લવિંગ, ઈલાયચી, સવારુપિયો, સોપારી અને બદામ મૂકવી અને નિમ્નોક્ત એક-એક મંત્ર બોલી એક-એક સ્વસ્તિક પર લીલું નાળિયેર, ચમેલીનું તેલ, કોઈપણ નૈવેદ્ય અને પુષ્પ અર્પણ કરવું.)

મંત્રઃ-

૧. ૐ હ્રીઁ શ્રીઁ સર્વ જિનશાસન અધિષ્ઠાયકદેવેભ્યઃ સ્વાહા ।।

૨. ૐ હ્રીઁ શ્રીઁ ચતુઃષષ્ઠિ-ઇન્દ્રાય, દશદિક્પાલાય, નવગ્રહાય, સર્વ-યક્ષાય, દ્વાપઞ્ચાશત્-વીરાય, ચતુદ્વારપાલાય, ચતુર્વીરપાલાદિ-દેવાય સ્વાહા ।।

૩. ૐ ક્ષાઁ ક્ષીઁ ક્ષૂઁ ક્ષૈઁ ક્ષૌઁ ક્ષઃ શ્રી અત્રસ્થ ક્ષેત્રપાલાય સ્વાહા ।।

૪. ૐ હ્રીઁ શ્રી સર્વ જિનશાસન અધિષ્ઠાય દેવીભ્યઃ સ્વાહા ।।

૫. ૐ હ્રીઁ શ્રી ચતુઃષષ્ઠિ-યોગિન્યૈ, ષોડશ-વિદ્યાદેવ્યૈ, અષ્ટજયાદિ-દેવ્યૈ સ્વાહા ।

(જમણી બાજુ દેવનું અને ડાબી બાજુ દેવીનું સ્થાન રાખવું.) (પછી હવન કુંડની રક્ષા માટે નિમ્નોક્ત મંત્ર દ્વારા પીળા સરસવ ને ધૂપથી ધૂપી હવનકુંડની ચારે બાજુ જમીન ઉપર છાંટવા.) (પ્રક્ષેપ કરવો.) નમોઽર્હત્...

સરસવ વિધિ મંત્રઃ- ૐ હ્રીઁ શ્રીઁ ક્ષાઁ સર્વોપદ્રવેભ્યઃ રક્ષ રક્ષ સ્વાહા ।।

(પછી નિમ્નોક્ત મંત્ર બોલી હવનકુંડની અગ્નિ પ્રગટાવવી. થોડું ઘી અને કપૂર ચૂર્ણ નાખવું.)

(નમોઽર્હત્...)

(ત્યારબાદ નિમ્નોક્ત મંત્ર બોલી અગ્નિ શુદ્ધિ કરવી.) નમોઽર્હત્...

મંત્રઃ– ૐ ચિત્પિંગલ હનહન દહદહ પચપચ સર્વજ્ઞાપય સ્વાહા ।।

ૐ રૅં રૅં રૅં વૈશ્વાનરાય નમઃ ૐ આઁ ક્રૌઁ હ્રીઁ શ્રીઁ એઁ ક્લીઁ સૌઁ ફટ્ ।।

શ્રી નાકોડા ભૈરવ દેવ ! મમ એષ યોગઃ સફલી ભવતુ ।।

(પછી નિમ્નોક્ત મંત્ર બોલી વાસક્ષેપથી અગ્નિ શુદ્ધિ કરવી.)

મંત્રઃ– ૐ અગ્નયોઽગ્નિકાયા એકેન્દ્રિયા જીવાઃ નિર્વધ્ય દેવ પૂજાયાં નિર્વ્યથાઃ સન્તુ, નિષ્પાપાઃ સન્તુ, સદ્ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસા દેવાર્ચને સ્વાહા ।।

(હવનકુંડ બરાબર પ્રજ્વલિત ન થાય ત્યાં સુધી દાદાની ભક્તિ કરાવવી.)

(ત્યારબાદ આહ્વાનાદિ વિધાન કરવું.)

॥ અથ આહ્વાનાદિ વિધાનમ્ ॥

આહ્વાન મુદ્રા : ૐ હ્રીઁ શ્રીઁ શ્રી પાર્શ્વનાથસ્વામી - ચરણોપાસક ! શ્રી નાકોડા ભૈરવ દેવ !
અત્ર આગચ્છ આગચ્છ સંવૌષટ્ । નમઃ શ્રી નાકોડા-ભૈરવ-દેવાય-સ્વાહા ॥

સ્થાપન મુદ્રા : ૐ હ્રીઁ શ્રીઁ શ્રી પાર્શ્વનાથસ્વામી - ચરણોપાસક ! શ્રી નાકોડા ભૈરવ દેવ !
અત્ર! તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ । નમઃ શ્રી નાકોડા-ભૈરવ-દેવાય-સ્વાહા ॥

સન્નિધાન મુદ્રા: ૐ હ્રીઁ શ્રીઁ શ્રી પાર્શ્વનાથસ્વામી - ચરણોપાસક ! શ્રી નાકોડા ભૈરવ દેવ !
મમ સન્નિહિતો ભવ ભવ વષટ્ । નમઃ શ્રી નાકોડા-ભૈરવ-દેવાય-સ્વાહા ॥

સન્નિરોધ મુદ્રા : ૐ હ્રીઁ શ્રીઁ શ્રી પાર્શ્વનાથસ્વામી - ચરણોપાસક ! શ્રી નાકોડા ભૈરવ દેવ !
પૂજાવિધિં યાવદ્ અત્રૈવ સ્થાતવ્યમ્ । નમઃ શ્રી નાકોડા-ભૈરવ-દેવાય-સ્વાહા ॥

અવગુંઠન મુદ્રા : ૐ હ્રીઁ શ્રીઁ શ્રી પાર્શ્વનાથસ્વામી - ચરણોપાસક ! શ્રી નાકોડા ભૈરવ દેવ !
પરેષામદીક્ષિતાનામદશ્યો ભવ ભવ ફટ્ । નમઃ શ્રી નાકોડા-ભૈરવ-દેવાય-સ્વાહા ॥

અંજલિ મુદ્રા : ૐ હ્રીઁ શ્રીઁ શ્રી પાર્શ્વનાથસ્વામી - ચરણોપાસક ! શ્રી નાકોડા ભૈરવ દેવ !
ઈમાં આહૂતિં પ્રતીચ્છ પ્રતીચ્છ । નમઃ શ્રી નાકોડા-ભૈરવ-દેવાય-સ્વાહા ॥

(એકનવકાર-ઉવસગ્ગહરં સ્તોત્રબોલી નિમ્નોક્ત ગ્રહશાનિત સ્તોત્ર બોલવું.)

॥ ગ્રહશાન્તિ સ્તોત્ર ॥

જગદ્‌ગુરું નમસ્કૃત્ય, શ્રુત્વા સદ્‌ગુરુ-ભાષિતમ્ ।
ગ્રહશાન્તિં પ્રવક્ષ્યામિ, ભવ્યાનાં સુખહેતવે ॥૧॥
જિનેન્દ્રૈઃ ખેચરા જ્ઞેયાઃ, પૂજનીયા વિધિઃ કમાત્ ।
પુષ્પૈ ર્વિલેપનૈ ર્ધૂપૈ, નૈંવેદ્યૈસ્તુષ્ટિ હેતવે ॥૨॥
પદ્મપ્રભસ્ય માર્તંડ-શ્ચન્દ્રશ્ચન્દ્રપ્રભસ્ય ચ ।
વાસુપૂજ્યસ્ય ભૂપુત્રો, બુધસ્યાઽષ્ટૌ જિનેશ્વરાઃ ॥૩॥
વિમલાનન્તધર્માઽરાઃ શાન્તિઃ કુન્થુર્નમિસ્તથા ।
વર્ધમાનસ્તથૈતેષાં, પાદપદ્મે બુધો ન્યસેત્ ॥૪॥
ઋષભાજિતસુપાર્શ્વા-શ્ચાભિનન્દનશીતલૌ ।
સુમતિઃ સંભવસ્વામી, શ્રેયાંસશ્ચ બૃહસ્પતિઃ ॥૫॥
સુવિધેઃ કથિતઃ શુક્રઃ, સુવ્રતસ્ય શનૈશ્ચરઃ ।
નેમિનાથસ્ય રાહુઃ સ્યાત્, કેતુઃ શ્રીમલ્લિપાર્શ્વયોઃ ॥૬॥

જન્મલગ્ને ચ રાશૌ ચ, યદા પીડન્તિ ખેચરાઃ ।

તદા સંપૂજયેદ્ધિમાન્, ખેચરૈઃ સહિતાન્ જિનાન્ ॥૭॥

પુષ્પ-ગંધાદિભિ ર્ધૂપૈ, નૈવેદ્યૈઃફલ સંયુતૈઃ ।

વર્ણસદશદાનૈશ્ચ, વસ્ત્રૈશ્ચ દક્ષિણાન્વિતૈઃ ॥૮॥

જિનાનામગ્રતઃ સ્થિત્વા, ગ્રહાણાં શાન્તિહેતવે ।

નમસ્કારશતં ભક્ત્યા, જપેદષ્ટોત્તરં શતમ્ ॥૯॥

ભદ્રબાહુરુવાચૈવં, પંચમઃ શ્રુતકેવલી ।

વિદ્યાપ્રવાદતઃ પૂર્વાદ્, ગ્રહશાન્તિ-વિધિઃ-શ્રુતઃ ॥૧૦॥

(ત્યારબાદ તિજયપહુત્ત સ્તોત્ર બોલવું.)

॥ શ્રી તિજયપહુત્ત સ્તોત્રમ્ ॥

તિજયપહુત્ત-પયાસય, અટ્ઠ-મહાપાડિહેર-જુત્તાણં ।

સમય-ક્ખિત્ત-ઠિઆણં, સરેમિ ચક્કં જિણિંદાણં ॥૧॥

પણવીસા ય અસીઆ, પનરસ પન્નાસ જિણ-વર સમૂહો ।

નાસેઉ સયલ દુરિઅં, ભવિઆણં ભત્તિ-જુત્તાણં ॥૨॥

વીસાપણયાલા વિ ય, તીસા પન્નત્તરી જિણ-વરિંદા ।

ગહ-ભૂઅ-રક્ખ-સાઈણિ, ઘોરુવસગ્ગં પણાસંતુ ॥૩॥

સત્તરિ પણ-તીસા વિ ય, સટ્ઠી પંચેવ જિણ-ગણો એસો ।

વાહિ-જલજલણ-હરિ-કરિ, ચોરારિ મહા-ભયં હરઉ ॥૪॥

પણ-પન્ના ય દસેવ ય, પન્નટ્ઠી તહ ય ચેવ ચાલીસા ।

રક્ખંતુ મે સરીરં, દેવાસુર-પણમિઆ સિદ્ધા ॥૫॥

ૐ હ-ર-હું-હઃ સ-ર-સું-સઃ, હ-ર-હું-હઃ તહ ય ચેવ સ-ર-સું-સઃ ।

આલિહિય-નામ-ગબ્ભં, ચક્કં કિર સવ્વઓ ભદ્રં ॥૬॥

ૐ રોહિણી પન્નત્તી, વજ્જસિંખલા તહ ય વજ્જઅંકુસિઆ ।
ચક્કેસરિ નરદત્તા, કાલી, મહાકાલી તહ ગોરી ॥૭॥
ગંધારી મહજ્જાલા, માણવી વઇરુટ્ટ તહ ય અચ્છુત્તા ।
માણસી મહ-માણસિઆ, વિજ્જા-દેવીઓ રક્ખંતુ ॥૮॥
પંચ-દસ-કમ્મભૂમિસુ, ઉપ્પન્નં સત્તરી જિણાણ સયં ।
વિવિહ-રયણાઈ-વન્નો, વસોહિઅં હરઉ દુરિઆઈં ॥૯॥
ચઉતીસ-અઈસય-જુઆ, અટ્ઠ-મહાપાડિહેર-કય-સોહા ।
તિત્થયરા ગયમોહા, ઝાએઅવ્વા પયત્તેણં ॥૧૦॥
ૐ વર-કણય-સંખ-વિદ્રુમ, મરગય-ઘણ-સન્નિહં વિગય-મોહં ।
સત્તરિ સયં જિણાણં, સવ્વામર-પૂઇઅં વંદે સ્વાહા ॥૧૧॥
ૐ ભવણ-વઈ-વાણવંતર, જોઈસ-વાસી વિમાણ-વાસી અ ।
જે કે વિ દુટ્ઠ-દેવા, તે સવ્વે ઉવસમંતુ મમ સ્વાહા ॥૧૨॥
ચંદણ-કપ્પૂરેણં ફલએ, લિહિઊણ ખાલિઅં પીઅં ।

એગંતરાઈ-ગહ-ભૂઅ, સાઈણિ-મુગ્ગં પણાસેઈ ।।૧૩।।

ઈસ સત્તરિ-સયં જંતં, સમ્મં મંતં દુવારિ પડિલિહિઅં ।

દુરિઆરિ-વિજયવંતં, નિબ્ભંતં નિચ્ચમચ્ચેહ ।।૧૪।।

।। શ્રી નાકોડા ભૈરવદેવ સ્તોત્રમ્ ।।

ૐ ભૈરવં મહાબલિં, તવ શક્તિ પ્રભાવતઃ । પ્રત્યક્ષં દશનં દેહિ, નાકોડા ભૈરવં ભજે ।।૧।।

ભૈરવ-જ્ઞાનેન્દ્ર-પદ્મા, પાર્શ્વનાથસ્ય સેવકઃ । સર્વ વિઘ્ન હરો દેવઃ, નાકોડા ભૈરવં ભજે ।।૨।।

યોગ-ક્ષેમ-પુષ્ટિકરં, લોકાનાં મોદ રંજનમ્ । સર્વ દેવમયો દેવં, નાકોડા ભૈરવં ભજે ।।૩।।

ક્ષેત્રપાલં ચતુર્હસ્તં, પિનાકી-ભુજ-પાત્રકમ્ । વામે ડમરુત્રિશુલમ્ નાકોડા ભૈરવં ભજે ।।૪।।

માણિક્ય મુકુટા હારૈઃ, નાગ યજ્ઞો પવિત્રતમ્ । વાજન્તે ઘુંઘરુપાદૌ, નાકોડા ભૈરવં ભજે ।।૫।।

હુંકારે હાં ઘોષ નાદૈ-ર્ભૂત પ્રેત પલાયનમ્ । શ્વાનવાહનં રક્તવર્ણં, નાકોડા ભૈરવં ભજે ।।૬।।

ૐ ક્ષાઁ ક્ષીઁ ક્ષૂં ક્ષઃ મૂલ મન્ત્રૈ-ર્મનોવાંછિત-પૂરકમ્ । સુખડી શ્રીફલૈઃ તુષ્ટમ્, નાકોડા ભૈરવં ભજે...।।૭।।

જિન ધર્મે સદા લીનં, સૌભાગ્ય સુખ સંપદમ્ । સંઘ-રક્ષાં કુરુ દેવ, નાકોડા ભૈરવં ભજે...।।૮।।

॥ અથ આહૂતિ વિધાનમ્ ॥

(નિમ્નોક્ત મંત્ર બોલી શ્રી નાકોડા ભૈરવદેવની પ્રતિમા પર વાસક્ષેપ કરવો. તથા હવનકુંડમાં હવનની ગોળી, સુકો મેવો, ચંદનકાષ્ઠ, ઘી તથા તજ, લવીંગ, ઈલાયચી આહૂતિ અર્પણ કરવી.)

(નમોઽર્હત્...)

આહૂતિ બૃહદ્મંત્ર :- ૐ ક્ષાઁ ક્ષીઁ ક્ષૂઁ ક્ષૈઁ ક્ષૌઁ ક્ષઃ હ્રીઁ શ્રીઁ નાકોડા-ભૈરવ-દેવાય, ક્ષેત્રપાલાય, ચતુર્ભુજાય ગૌરાઙ્ગવર્ણાય, જિનશાસન-ભક્તાય, મનોવાઞ્છિત-પુરણાય, ભૂતપ્રેતાદિ-વિઘ્નહરાય, શાકિની-ડાકિની-અસુર-દાનવ-પ્રમથનાથ, રોગ-શોકાદિ-ઉપદ્રવ-પ્રશમનાય, ધન-ધાન્ય-કોશાગારાદિ-વૃદ્ધિ-કરાય, ક્ષેમંકરાય-જયંકરાય, વિજયંકરાય, ભદ્રંકરાય, વીરાધિવીરાય, શ્રી-સંઘસ્ય શ્રેયાર્થે.....પરિવાર કલ્યાણાર્થે વિશ્વશાન્ત્યર્થે ગન્ધં પુષ્પં **આહૂતિં સમર્પયામિ સ્વાહા** ॥

(આહૂતિ અર્પણ કરવી.)

આહૂતિ લઘુમંત્ર :- ૐ ક્ષાઁ ક્ષીઁ ક્ષૂઁ ક્ષૈઁ ક્ષૌઁ ક્ષઃ હ્રીઁ શ્રીઁ નાકોડા-ભૈરવ-દેવાય ગન્ધં પુષ્પં આહૂતિઃ સ **સમર્પયામિ** સ્વાહા ॥ (આહૂતિ અર્પણ કરવી.)

(આ રીતે ૧૦૮ આહૂતિની પૂર્ણતા પછી ઘીથી સંપૂર્ણ ભરેલો નાળિયેરનો સૂકો ગોળો હાથમાં લઈ

એક નવકાર, એક ઉવસગ્ગહરં અને મોટી શાંતિ બોલવી..., (પેજ નં. ૫૨) મોટી-શાંતિમાં જ્યાં "ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રી પાર્શ્વનાથાય સ્વાહા" શબ્દ આવે ત્યારે તે નાળિયેરનો ગોળો ચિપિયાથી પકડી હવનકુંડની મધ્યમાં સીધો પધરાવવો તથા લાપસી અને નૈવેદ્યનો થાળ ધરાવવો. (પછી દાદાની ભક્તિ કરવી. પછી કળશમાં ગુલાબજળ અથવા કાચુ દૂધ લઈ નીચેનો મંત્ર બોલવો તેમાં છેલ્લું પદ "દેહિ દેહિ સ્વાહા" આવે ત્યારે શ્વાસ સ્થિર કરીને વિનયપૂર્વક કળશમાં રહેલું ગુલાબજળ (અથવા કાચું દૂધ) હવનકુંડમાં પધરાવવું.)

નમોઽર્હત્...

ૐ અસ્મિન્ જમ્બુદ્વિપે ભરતક્ષેત્રે દક્ષિણાર્ધ ભરતે મધ્યખણ્ડે.....દેશે.....પ્રાન્તે.....નગરે..... શુભતિથૌ શ્રી સંઘગૃહે (જો પૂજન કોઈ વ્યક્તિએ કરાવેલું હોય તો તેનું નામ બોલવું.) પરિવારકારિતે... નિમિત્તે...મહોત્સવે શ્રી શ્રી શ્રી જગદ્વન્દ્ય-પ્રત્યક્ષપ્રભાવી-ચમત્કાર-ચુડામણી-પ્રાતઃ સ્મરણીય શ્રી નાકોડા પાર્શ્વનાથ અધિષ્ઠાયકદેવ-શ્રી નાકોડા ભૈરવદેવ વિશિષ્ટ મહાપૂજનાહૂતિ-વિધાનનિમિત્તે સવિધિ સવિનય સુગંધિત પદાર્થાશ્ચ હવનં પૂજનં સ્વાહા। ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ શ્રી નાકોડા ભૈરવદેવ-કૃપાકાંક્ષી-કૃપાનિધાન-સર્વ દુઃખહર ભોગં સુખં યશઃ સંતતિં ઋદ્ધિં વદ્ધિં બુદ્ધિં સિદ્ધિં સમૃદ્ધિં આરોગ્યં વ્યાપારવૃદ્ધિં

સહકુટુંબસ્ય આરોગ્યં રાજ્યસુખં સર્વજનવશ્યં સર્વસમીહિતં કલ્યાણં સમકિતનિર્મલતાં ચ દેહિ દેહિ સ્વાહા। (ગુલાબજળ કુંડમાં પધરાવવું.) (ત્યારબાદ આગળ લખેલા વિધિ અનુસાર પરમાત્માની ૧૦૮ દીપકની આરતિ મંગલદીપક તથા નાકોડા ભૈરવ દેવની આરતિ કરવી પછી શાંતિકળશ, ચૈત્યવંદન, ક્ષમાયાચના તથા વિસર્જન વિધાન કરવું.)

॥ શ્રી નાકોડા પાર્શ્વ–ભૈરવ, મહાપૂજન સામગ્રી લિસ્ટ ॥

કેસર ૧ ગ્રામ	અત્તરની શીશી ૩ નંગ	ફલ
બરાસ ૨૦ ગ્રામ	રક્ષા પોટલી પૂજનાર્થીપ્રમાણે	શ્રીફલ ૯ નંગ
વાસક્ષેપ ૫૦૦ ગ્રામ	રેશમી લાલ ધાગા પૂજનાર્થીપ્રમાણે	લીલું શ્રીફલ ૨ નંગ
દશાંગ ધૂપ ૧૦૦ ગ્રામ	તીર્થજલ ૧ શીશી	દાડમ ૧૦ નંગ
કંકુપ ધૂપ ૧૦૦ ગ્રામ	કાચી સુપારી ૫૦૦ ગ્રામ	સંતરા ૧૦ નંગ
ધૂપનો પૂડા ૧ નંગ	લવિંગ ૧૦ ગ્રામ	મોસંબી ૧૦ નંગ
સોનેરી વરખ થોકડી ૧ નંગ	તજ ૧૦ ગ્રામ	ચીકુ ૧૦ નંગ

રુપેરી વરખ થોકડી ૧૦ નંગ
સોનેરી બાદલુ ૧ ગ્રામ
કાપુસ (રુ) ૧ બંડલ
નાડાછડી ૧ બંડલ
ચમેલીનું તેલ ૧ શીશી
કપૂર ગોટી ૧ ગોટી
સર્વૌષધિ ૧૦ ગ્રામ
ગુલાબજળ ૧ શીશી

મીઠાઇ

ઘેબર ૧ નંગ
પેંડા ૧ કીલો
મીક્ષ મીઠાઇ ૧ કિ.ગ્રા.

ઘરે બનાવવાનું નૈવેદ્ય

લાપસી ૧૨૫ ગ્રામ

ઇલાયચી ૧૦ ગ્રામ
બદામ ૨૦૦ ગ્રામ
ખારેક ૩૦ નંગ
માટીનો કુંડ ૧ નંગ
કંકુ ૧૦ ગ્રામ
મીશ્રી (સાકર) ૨૫૦ ગ્રામ
સુકો મેવો ૨૫૦ ગ્રામ

ધાન્ય

ચોખા ૭ કીલો
ઘઉં ૧ ।। કિલો
મગ ૧ ।। કિલો
ચણાની દાલ ૧ ।। કિલો
મસુરની દાલ ૧ ।। કિલો

સફરજન ૧૦ નંગ
દ્રાક્ષ ૨૫૦ ગ્રામ
દાંડીવાળા પાન ૧૦ નંગ
(નાગરવેલના પાન)

કાપડ

લીલું સાટીન ૦.૨૫ મીટર
નેપકીન ૩ નંગ
અંગલૂંછણા ૫ નંગ
લાલ કપડા ૪ મીટર
પાટલૂંછણા ૩ નંગ

ભજીયા ૧૧ નંગ

પૂરી ૭ નંગ

ભોજનનો થાળ ૧ નંગ

સુખડી થાળ ૧ નંગ

ગાયનું દહીં ૧ વાટકી

શાંતિનાથજીની ચોવિશી ૧ નંગ

પાર્શ્વનાથની પ્રતિમા ૧ નંગ

સિદ્ધચક્રજીનો ગટ્ટો ૧ નંગ

નળીવાળો પરાત ૧ નંગ

૧૦૮ દીપકની આરતિ ૧ નંગ

૫ દીપકની આરતિ ૧ નંગ

કાળા ઉડદ ૧ ।। કિલો

ગોરસ

ગાયનું ઘી ૧ કિ.ગ્રા.

ગાયનું દૂધ ૧ લીટર

દેરાસર સામાન

બાજોઠ ૧ નંગ

ધૂપ ધાણા ૨ નંગ

દીપક ૨ નંગ

મોટી થાળી ૨૦ નંગ

નાની થાળી ૧૫ નંગ

પૂજાની કટોરી ૧૦ નંગ

લાલ ખેસ ૧ મીટર

કટાસણા ૫ નંગ

પીતળની બાલ્ટી ૨ નંગ

કુંડી ૨ નંગ

નાના પાટ ૩ નંગ

મોટો પાટ ૧ નંગ

મુગટ ૧૫ નંગ

ચામર ૧ નંગ

મંગળદીપક ૧ નંગ અષ્ટમંગલનો ઘડો ૧ નંગ (સ્વસ્તિક સ્ટોપ નો ૨) થાળી ડંકા ૧ નંગ	કલશ ૧૦ નંગ મોટો કટોરો ૧ નંગ	દર્પણ પંખા ૧-૧ નંગ નાકોડા ભૈરવ દેવની પ્રતિમા ૧ નંગ નાકોડા ભૈરવ દેવનું યંત્ર ૧ નંગ
ચંદન લાકડા ૧૧૧ નંગ પીપળાના લાકડા ૫ કિ.ગ્રા. સવસ્તિક ૫ નંગ અક્ષિત ૧૦ગ્રામ ગુલાલ ૧૦ ગ્રામ માચીસ ૧ નંગ	નારિયેળના સુકા ગોળા ૬ નંગ **ધૂપ દાની** સવસ્તિક ૧ નંગ ચરચવ ૧૦ ગ્રામ લાકડાનાધૂપીયા ૩ નંગ ઘીનોધૂપ ૧૦૦ ગ્રામ કપૂર ૧૦૦ સૈફ	